**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**(Academic Session 2026-27)**

**Date: ________ Class: 8 Div: ____ Roll No: ______ Sub: 3.Guj**
**Name: ________________________________________ Worksheet: PT-2 Revision**

**નીચે આપેલ વાક્ય માંથી વિશેષણ ઓળખાવો .**

1. બગીચામાં સુંદર ફૂલો ખીલ્યા છે.
2. રાહુલ એક હોશિયાર છોકરો છે.
3. ટેબલ પર ત્રણ પુસ્તકો પડ્યા છે.
4. રમેશ પરીક્ષામાં પહેલો આવ્યો.
5. મને થોડું પાણી આપો.
6. આ વર્ષે પુષ્કળ વરસાદ પડ્યો.
7. પેલી ગાડી મારી છે.
8. અમારું ઘર ખૂબ મોટું છે.
9. સિંહ દયાળુ રાજા હતો.
10. આંબા પર ખાટી કેરીઓ છે.
11. કિરણ પ્રમાણિક માણસ છે.
12. મારી પાસે બે પેન છે.

**નીચે આપેલ વાક્ય માંથી ક્રિયાપદ ઓળખાવો .**

1. રમેશ સવારે વહેલો ઊઠે છે.
2. બાળકો મેદાનમાં ક્રિકેટ રમે છે.
3. મીરાએ સુંદર ભજન ગાયું .
4. ગાંધીજી મહાન નેતા હતા.
5. આજે ખૂબ ઠંડી છે.
6. તમે તમારું લેસન કરો.
7. વર્ગખંડમાં શાંતિ રાખો .
8. શિક્ષકે વિદ્યાર્થી પાસે વાર્તા વંચાવી.
9. માએ બાળકને દૂધ પીવડાવ્યું.

**નીચે આપેલ શબ્દોણે શબ્દકોશ ના ક્રમમાં ગોઠવો .**

1. માતા, તહેવાર, આરાધના ,નવરાત્રી

_______________________________________________

2.રામ, પત્ની , ભગવાન, દિવસ

_______________________________________________

3.પૂજા, આરતી, ઉપવાસ, નવ

---

4.ભૂમી,ધ્વજ , લીલીછમ ,પ્રતિજ્ઞા

---

5. કર્ણ,વિશ્વાસ ,લ્હાટૂ , હવા

---

- **અપઠિત ગધ્ય વાંચી પ્રશ્નોના જવાબ લખો.**

આજના યુગમાં કમ્પ્યુટર માનવજીવનનું એક અનિવાર્ય અંગ બની ગયું છે. શિક્ષણ, વેપાર, વિજ્ઞાન, બેંકિંગ અને મનોરંજન જેવા દરેક ક્ષેત્રમાં કમ્પ્યુટરનો ઉપયોગ ખૂબ જ વધી ગયો છે. કમ્પ્યુટરના કારણે અઘરામાં અઘરી ગણતરીઓ સેકન્ડોમાં થઈ જાય છે, જેથી માણસનો કિંમતી સમય અને શક્તિ બચે છે. ઇન્ટરનેટના માધ્યમથી આપણે દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે પળવારમાં સંપર્ક કરી શકીએ છીએ અને માહિતીની આપ-લે કરી શકીએ છીએ. પરંતુ, જેમ સિક્કાની બે બાજુ હોય છે, તેમ કમ્પ્યુટરના અતિશય ઉપયોગના કેટલાક ગેરફાયદા પણ છે. કમ્પ્યુટર સ્ક્રીન સામે સતત બેસી રહેવાથી આંખો પર ખરાબ અસર પડે છે અને શારીરિક શ્રમ ઘટવાને કારણે સ્વાસ્થ્ય બગડે છે. કેટલાક યુવાનો સોશિયલ મીડિયા અને ઓનલાઇન ગેમ્સ પાછળ પોતાનો કિંમતી સમય વેડફી નાખે છે. આથી, આપણે ટેકનોલોજીના ગુલામ બનવાને બદલે તેનો મર્યાદિત અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

**પ્રશ્નો**

1. આજના યુગમાં કમ્પ્યુટર કેવું અંગ બની ગયું છે?

   ---

2. કમ્પ્યુટરના ઉપયોગથી માણસને શો ફાયદો થાય છે?

   ---

3. ઇન્ટરનેટના માધ્યમથી આપણે શું કરી શકીએ છીએ?

   ---

4. કમ્પ્યુટરના અતિશય ઉપયોગથી સ્વાસ્થ્ય પર શું અસર થાય છે?

   ---

5. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

   ---